# પોલો અને લખોટીનું બેલેન્સીગ

**જરૂરી સામગ્રી**

૧) જરૂર મુજબ પોલો (અંદાજે સ્પર્ધક હોય તેટલા પેકેટ)

૨) જરૂર મુજબ લખોટી (અંદાજે ૨૦ નંગ)

**કેટલા લોકો રમી શકે?**

- બે કે તેથી વધુ

**કેવી રીતે રમાય?**

એડમીને સૌપ્રથમ પોલોનું પેકેટ ખોલી ટેબલ પર મુકવું. ત્યાર બાદ એડમીને બધાને સમજાવવું કે એક મીનીટ ના સમયગાળામાં બધાએ સૌપ્રથમ પોલો લઈ તેને ટેબલ પર એક જગ્યાએ મુકી તેનાં પર લખોટી મુકવી. તેના પર ફરીથી પોલો મુકી લખોટી મુકવી. એટલે તે એક મકાન ગણાશે. હવે તેની બીલકુલ આજુમાં અડાડીને ટેબલ પર બીજી પોલો મુકવી અને તેની જેમજ તેના ઉપર લખોટી અને પોલો અને લખોટી મુકવી. આમ બને તેટલા વધુમાં વધુ પોલો અને લખોટીના મકાન બનાવવાનાં રહેશે. આમ એક મીનીટનાં અંતે જે સ્પર્ધકે વધુમાં વધુ મકાન બનાવેલા હશે તે સ્પર્ધક વિજેતા જાહેર થશે અને ઈનામને પાત્ર થશે.